**સ્પે.દીવાની મુકદમા નં. ૨૩૭/૨૦૧૭**

**આંક ૧૯ હેઠળનો હુકમ.**

(૧) આ કામના પ્રતિવાદી નં.૩, ૪ દ્વારા હાલની અરજી દિવાની કાર્યરીતી સંહિતાના ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) મુજબ વાદીની દાવા અરજી રીજેક્ટ કરવા માટે આપેલ છે. તેની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીએ હાલનો દાવો સ્પેસીફિક પર્ફોમન્સનો, દસ્તાવેજ રદ કરવા માટેનો તેમજ જાહેરાત અને કાયમી મનાઈ હુકમ માટે દાખલ કરેલ છે, જે દાવામાં વાદીએ કુલ રૂ.૩,૮૫,૫૬,૧૩૦/- નો આંક બાંધી મહત્તમ કોર્ટ ફી રૂ.૭૫,૧૦૦/-ભરેલ છે, પરંતુ વાદીનો દાવો દસ્તાવેજ રદ કરવા માટેનો હોય દરેક દસ્તાવેજ સંદર્ભે અલગ અલગ કોર્ટ ફી સ્ટેમ્પ વાપરવો જોઈએ અને આમ, વાદીએ યોગ્ય કોર્ટ ફી સ્ટેમ્પ વાપરેલ ન હોય, વાદીની દાવા અરજી રીજેક્ટ કરવા રજુઆત કરેલ છે.

(૨) વાદી તર્ફે આંક ૩૦ થી સદર અરજીનો જવાબ રજુ કરેલ છે, જેમાં આંક ૧૯ની અરજીની મોટાભાગની હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીની મુખ્ય દાદ કરારના વિશેષ પાલનની છે અને વાદગ્રસ્ત મિલકતનું વેચાણ થઈ ગયેલ હોય દસ્તાવેજો રદ કરવાની દાદ માંગેલ છે, જે દાદો આનુસંગિક દાદ છે અને જેથી અલગ અલગ કોર્ટ ફી ભરવાની જરૂર રહેતી નથી. વધુમાં વાદીનો દાવો માત્ર એક જ કોઝ ઓફ એકશન મુજબ દાખલ કરેલ છે અને તેથી પણ દરેક દાદ માટે અલગ અલગ કોર્ટ ફી ભરવાની જરૂર રહેતી નથી. વધુમાં તેઓનુ કથન છે કે વાદીનો દાવો એક જ સબજેક્ટ (વિષય) આધારીત છે, અલગ અલગ વિષયો ઉપર આધારીત નથી અને તેથી પણ અલગ અલગ દાદ માટે અલગ અલગ કોર્ટ ફી ભરવાની જરૂર રહેતી નથી.

(૩) પ્રતિવાદી નં. ૩, ૪ તર્ફે આંક ૪૨ થી પોતાની લેખીત દલીલો રજુ કરેલ છે, જેમાં તેઓએ પોતાની આંક ૧૯ મુજબની અરજીની હકિકતો દોહરાવેલ હોય,

સંપુર્ણ દલીલો અત્રે રીપ્રોડ્યુઝ કરેલ નથી. જ્યારે વાદી તરફે વિ.વ.શ્રી. ટી. આર.સીન્દેની મૌખિક દલીલો સાંભળી, જેમાં તેઓએ પોતાના આંક ૩૦ વાળા જવાબની હકીકત દોહરાવેલ છે અને તેથી તેઓની પણ સંપુર્ણ દલીલો અત્રે રીપ્રોડ્યુઝ કરેલ નથી. તેઓએ પોતાની લેખિત દલીલોના સમર્થનમાં નિચે મુજબના સાયટેશનો રજુ કરેલ છે.

1. State of Gujarat v. (M/s.) K. L. Patel - 2006(2) GLH 557
2. Bank of India, Bhavnagar v. Pravinsinh Bhavubha & Ors. - 1994(1) GLH 73
3. Amreli Municipality v. Inspecting Officer (Court Fees) - 1995(1) GLH 662.

(૪) આંક–૧૯ વાળી હાલની અરજી, આંક–૩૦ થી રજૂ થયેલ જવાબ તથા બન્ને પક્ષકારો તર્ફે રજૂ કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધી. વાદી તર્ફે સાઈટ કરવામાં આવેલ સાયટેશનો ધ્યાને લીધા. વાદીની દાવા અરજી તથા દાવા અરજી સાથે સામેલ રાખેલ દસ્તાવેજી આધારો ધ્યાને લીધા. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ દિવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબની અરજીના નિર્ણય વખતે માત્ર દાવા અરજી તથા તેની સાથે સામેલ રાખેલ દસ્તાવેજી આધારો જ ધ્યાને લેવાના રહે છે, તે સમયે પ્રતિવાદીનો બચાવ ધ્યાને લેવાનો રહેતો નથી. આ તબકકે અત્રેની કોર્ટ નામદાર સુપ્રિમકોર્ટનું ***Chhotanben and Anr. v. Kiritbhai Jaikrushnabhai Thakkar. - 2018(3) GLH 338 SC*** વાળુ જજમેન્ટ ધ્યાને લેવું જરૂરી માને છે, જેમાં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

> (A) Code of Civil Procedure, 1908 - O.7 R.11(d) - Rejection of Plaint - Principles to be applied while deciding application under O. 7 R. 11 - Held, that only averments contained in the Plaint are to be seen and the defence put by the defendants is irrelevant for the purpose of deciding the application under O.7 R.11(d) of CPC.

હાલની અરજી પ્રતિવાદી નં. ૩,૪ તર્ફે વાદીના દાવાને અપુરતી કોર્ટ ફીનો બાધ નડતો હોવાનું જણાવી આપવામાં આવેલ છે અને વાદીની દાવા અરજી રીજેકટ કરવા અરજ ગુજારેલ છે.

(૫) આ તબક્કે વાદીની દાવા અરજી તેમજ દાવા અરજી સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેવાના રહે છે, જેના સંદર્ભે વાદીની દાવા અરજી વંચાણે લેવામાં આવે તો વાદીએ હાલનો દાવો સાટાખતના વિશેષ અમલ માટે, દસ્તાવેજો રદબાતલ ઠરાવવા માટે તથા જાહેરાત અને કાયમી મનાઈ હુકમ માટે દાખલ કરેલ છે, જે મુજબ વાદીના કથન મુજબ વાદીનું સાટાખત અસ્તિત્વમાં હોવા છતાં પ્રતિવાદી નં. ૧ નાએ વાદગ્રસ્ત મિલ્કતના વ્યવહારો કરેલા છે અને તેથી તે દસ્તાવેજો કેન્સલ કરવાના રહે અને વાદીને કરારનું વિશેષ પાલન અપાવવા માટે દાદની માગણી કરેલ છે. પ્રતિવાદી નં. ૩,૪ ના કથન મુજબ વાદીએ કરારના વિશેષ અમલ માટેની તથા તમામ દસ્તાવેજો રદબાતલ ઠરાવવા માટેની તમામની અલગ અલગ કોર્ટ ફી ભરવી જોઈએ, જયારે વાદીને તમામ દાદોનો એક આંક બાંધી મહતમ કોર્ટ ફી ભરેલ છે, જયારે તેઓના કથન મુજબ વાદીએ રૂા. ૧,૫૩,૫૦૦/– કોર્ટ ફી પેટે ભરવાના થાય છે. આ તબકકે **ગુજરાત કોર્ટ ફી એકટ, ૨૦૦૪** ની **કલમ–૧૮** વંચાણે લ ેવી જરૂરી જણાતી હોઈ, સદરહુ કલમ રેડી રેફરન્સ સારૂ અત્રે રીપ્રોડયુસ કરેલ છે.

> **18. Multifarious Suits** :- Where a suit embraces two or more distinct subjects, the plaint or memorandum of appeal shall be chargeable with the aggregate amount of the fees to which the plaints or memoranda of appeal in suits embracing separately each of such subjects would be liable under this Act.

આમ, સદરહુ જોગવાઈ મુજબ જયારે બે અલગ અલગ (ભિન્ન) વિષયો સંદર્ભે દાવો દાખલ કરેલ હોય ત્યારે વાદીએ દરેક વિષય મુજબ અલગ અલગ કોર્ટ ફી ભરવી જોઈએ. આ તબકકે વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ ***State***

***of Gujarat v. (M/s.) K. L. Patel - 2006(2) GLH 557*** વાળુ જજમેન્ટ ધ્યાને લેવામાં આવે તો તેમાં ''ભિન્ન વિષયો'' નો અર્થ ''ભિન્ન કોઝ ઓફ એકશન'' થાય તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. હાથ પરના કેસમાં વાદીનું કોઝ ઓફ એકશન સાટાખતના અમલ સંદર્ભેનું છે, જયારે આ કોર્ટના નમ્ર મંતવ્ય મુજબ દસ્તાવેજ રદબાતલની દાદ એ આનુસંગીક દાદ છે, જે દાદ માગ્યા સિવાય કરારના વિશેષ પાલનની દાદ માગી શકાય નહિં અને આમ, વાદીનો દાવો ભિન્ન વિષયો ઉપર દાખલ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવતું નથી, પરંતુ એક જ કોઝ ઓફ એકશનના આધારે મુખ્ય અને આનુસંગીક દાદ માગવા માટે દાખલ કરેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ ***Bank of India, Bhavnagar v. Pravinsinh Bhavubhai & Ors. - 1994(1) GLH 73*** વાળુ જજમેન્ટ ધ્યાને લેવામાં આવે તો તેમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, *The condition precedent for application of S. 18 of the Act is not 'different subjects' but the same is 'distinct subjects'. The separate reliefs prayed for by the plaintiff are ultimately aimed at realising the principal outstanding bank dues and whatever reliefs have been ultimately prayed for in the plaint is nothing but the incidental fall-out of the main prayer, viz. recovery of the suit amount. Thus, under the circumstances, such incidental subjects can never be said to be the 'distinct subjects' in order to saddle the plaintiff with the additional Court Fees.* હાથ પરના કેસમાં પણ મુખ્ય દાદ કરારના વિશેષ અમલ માટેની છે અને તેના માટે કરાર બાદ કરવામાં આવેલ દસ્તાવેજો રદ કરાવવા જરૂરી છે, જે દાદ આનુસંગીક દાદ છે અને તેથી તે દરેક વ્યવહાર ઉપર અલગ અલગ આંક બાંધી કોર્ટ ફી ભરવાની રહેતી નથી તેવું આ કોર્ટનું નમ્ર પણે માનવું છે. આવો જ સિધ્ધાંત ***Amreli Municipality v.***

***Inspecting Officer (Court Fees) - 1995(1) GLH 622*** વાળા જજમેન્ટમાં પણ પ્રસ્થાપિત કરેલ છે. આમ, જયારે ભિન્ન ભિન્ન વિષયો ઉપર આધારીત દાવો દાખલ કરવામાં આવેલ હોય કે જેના માટે અલગ અલગ દાવાઓ પણ કરી શકાય તેવા કિસ્સામાં ભિન્ન ભિન્ન વ્યવહારોનો અલગ અલગ આંક બાંધી અલગ અલગ કોર્ટ ફી ભરવાની થાય છે, પરંતુ હાથ પરના કેસમાં એક મુખ્ય દાદ છે, જયારે બાકીની દાદો આનુસંગીક દાદો છે અને તેથી તમામ વ્યવહારોનો એકંદર આંક બાંધી મહતમ કોર્ટ ફી ભરવાની થાય છે, જે મુજબ વાદીએ કોર્ટ ફી ભરેલ છે અને તેથી વાદીની દાવા અરજી આ કારણ સબબ રીજેકટ થઈ શકે તેમ નહિં હોઈ, હાલની અરજી રદ કરતો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**–:આખરી હુકમઃ–**

પ્રતિવાદી નં. ૩,૪ તર્ફે આપવામાં આવેલ હાલની **આંક ૧૯** વાળી અરજી આથી **નામંજુર** યાને કે **રદ** કરવામાં આવે છે.

હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૦૧લી માહે ઓકટોબર, સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– કઠોર.
તારીખ:– ૦૧–૧૦–૨૦૨૪

(સુનિલ મહેન્દ્રભાઈ ગોવાણી),
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
કઠોર.
GJ00918